# MITSની વિદ્યાર્થિનીએ રાષ્ટ્રીય ડિઝાઈન પુરસ્કાર જીત્યો

મુંબઈ | માધવ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી એન્ડ સાયન્સીસ (એમઆઈટીએસ)- ગ્વાલિયર ખાતે ચોથા વર્ષની આર્કિટેક્ચરની વિદ્યાર્થિની જાગૃતિ જૈને ભારતનો બેસ્ટ ડિઝાઈન પુરસ્કાર જીત્યો છે. તેણે ગયા વર્ષે જાહેર કરવામાં આવેલી બિરલા વ્હાઈટ યુવારત્ન સ્પર્ધાના ભાગરૂપ અમરાવથી કન્વેન્શન સેન્ટર માટે સંકલ્પના તૈયાર કરી હતી. આ પુરસ્કાર આર્કિટેક્ચરલ સમુદાય માટે અત્યંત પ્રતિષ્ઠિત ભારતીય ડિઝાઈન પુરસ્કાર છે, જે દર વર્ષે બિરલા વ્હાઈટ દ્વારા યોજાય છે.